અપીલ અરજી નં.૨૬૦ તા.૧૫–૧૨–૦૮/૦૯

અરજદારઃ શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળાઃ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી ,(સેન્ટ્રલ ઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણની તા.૬–૧૧–૦૮ની અરજીથી વોર્ડ નં.૧૧/૧૫૦૧ વાળી મિલ્કતનું બાંધકામ સર્વે નં.૧૧/૧૫૦૧ પર કર્યુ છે કે બીજાની માલિકીની જગ્યા પર ગેરકાયદે બાંધકામ એટલે કે ૧૧/૧૫૦૨ પર ગેરકાયદે બાંધકામ કરવા મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૧૫–૧૨–'૦૮ ની અપીલ અરજી નં.૨૬૦/૨૦૦૮–૦૯

શ્રી ગુલામભાઈ મેમણની તા.૬–૧૧–૦૮ની અરજીથી વોર્ડ નં.૧૧/૧૫૦૧ વાળી મિલ્કતનું બાંધકામ સર્વે નં.૧૧/૧૫૦૧ પર કર્યુ છે કે બીજાની માલિકીની જગ્યા પર ગેરકાયદે બાંધકામ એટલે કે ૧૧/૧૫૦૨ પર ગેરકાયદે બાંધકામ કરવા મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબતે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સે.ઝોનના પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૦૫૨ તા.૫–૧૨–૦૮ થી આપેલ માહિતી ખોટી અને ગેરમાર્ગે દોરનારી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૫–૧૨–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ તથા આપવા જોગ પૂરક માહિતીની વિગતો તેમજ વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૭૬ તા.૧૮–૧૨–૦૮ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી ,(સેન્ટ્રલ ઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૧૨૫ તા.૨–૧–૦૯ થી માહિતી અત્રેના વિભાગને મળેલ છે. જે અનુસાર તેમના પત્ર નં.૧૦૫૨ તા.૫–૧૨–૦૮ થી અરજદારને જણાવેલ છે કે મુદ્દા નં.૧ અને ૨ વોર્ડ નં.૧૧/૧૫૦૧ વાળી મિલ્કતનું બાંધકામ ૧૫૦૨ વાળી જગ્યા પર દબાણ કરવામાં આવેલ છે કે કેમ તે બાબતે અત્રેના ઉપલબ્ધ રેકર્ડ તપાસતાં કોઈ વિગતો મળેલ નથી. તથા મુદ્દા નં.૩ અંગે પણ રેકર્ડ તપાસતાં અરજદારની તા.૨–૨–૨૦૦૨ તથા તા.૧૦–૪–૯૪ ની અરજીઓના નિકાલ બાબતે તપાસતાં કોઈ રેકર્ડ ઉપલબ્ધ નહીં હોવાનું જણાવેલ છે. દફતર ઉપલબ્ધ નહીં હોવા અંગે દફતર નિકાલનો કોઈ સંદર્ભ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અપાયેલ નથી.

અરજદારે તા.૬–૧૧–૦૮ ના રોજ કરેલ અપીલમાં શહેર વિકાસ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનના પત્ર નં. નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૦૫૨ તા.૫–૧૨–૦૮ થી આપેલ માહિતી ખોટી અને ગેરમાર્ગે દોરનારી હોવાનું જણાવી તેવા કારણસર અપીલ અરજી કરવામાં આવેલ.જે અંગે તા.૨૩–૧–૦૯ ના રોજ બપોરે ૩.૩૦ કલાકે સુનાવણી રાખવામાં આવેલ જેમાં અરજદારે ઉપસ્થિત રહી જણાવેલ છે તે ધર્મસ્થાનોની ઉપર ગેરકાયદેસર બાંધકામો થયેલ છે તે અંગે કોઈ માહિતી આપેલ નથી. દસ વર્ષના રેકર્ડ રાખવાનું આરટીઆઈ કમીશને જણાવેલ છે તથા અરજદાર અપીલના તબકકે તા.૧૯–૪–૯૪,તા.૭–૩–૯૫ તથા તા.૨–૨–૨૦૦૦ ના રોજ મ્યુ. કમિશ્નરશ્રી તથા ડાયરેકટર ઓફ પ્લાનીંગને આપેલ તથા કચેરી ધ્વારા સ્વીકારાયેલ અરજીની નકલો રજુ કરેલ છે. જે પૈકી તા.૧૯૯૪ તથા ૨૦૦૦ની અરજીઓ બાબતે થયેલ કાર્યવાહીની વિગતો અરજદારે માંગેલ છે. જાહેર માહિતી અધિકારીએ સુનાવણી દરમ્યાન જણાવેલ છે કે તેમણે આપેલ જવાબ બરાબર છે તેથી અપીલનો આ તબકકે અર્થ રહેતો નથી.

***હુકમ***

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર તરફથી આવેલ અરજી સંદર્ભે જે કોઈ કાર્યવાહી થયેલ અને દફતરે ઉપલબ્ધ હોય તે આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧ –૦૯.

ડે.***કમિશ્નર(જનરલ),***
અ***ને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ગુલામભાઈ મેમણ,